# <u>તા. ૨૬.૦૯.૨૦૨૬</u>

## <u>જાહેરાત ક્રમાંકઃ GPRB/202526/1</u>

**<u>લોકરક્ષક કેડર (2025-26) : લેખિત પરીક્ષા દરમ્યાન ધ્યાને આવેલ ગેરરીતિ માટે ઉમેદવારોને ગેરલાયક ઠરાવવા બાબત</u>**

(૧) તા.૧૪.૦૬.૨૦૨૬ના રોજ લેવામાં આવેલ લોકરક્ષક કેડર **(2025-26)**ની લેખિત પરીક્ષા અંગે CCTV Viewing / Committee નો અહેવાલ ધ્યાને લઇ, સરકારશ્રીના ગૃહવિભાગના તા.૦૭.૦૨.૨૦૨૪ના પરીક્ષા નિયમ GHG/21/2024/MHK/1010/1393/C મુજબ લેખિત પરીક્ષામાં ગેરરીતિ આચરનાર કુલ-૩૮૫ ઉમેદવારોને ગુજરાત પોલીસ ભરતી બોર્ડ તરફથી તા.૦૮.૦૯.૨૦૨૬ના રોજ ગેરલાયક ઠરાવવામાં આવેલ હતા.

(૨) ગેરલાયક ઠરાવવામાં આવેલ ઉમેદવારો પૈકી, જો કોઇ ઉમેદવાર રજુઆત કરવા માંગતા હોય તો **તા.૧૪.૦૯.૨૦૨૬ના રોજ કલાક ૧૮:૦૦ વાગ્યા સુધીમાં** ગુજરાત પોલીસ ભરતી બોર્ડની કચેરી, બંગલા નંબર ગ-૧૨, સરિતા ઉદ્યાન નજીક, સેકટર-૯, ગાંધીનગર ખાતે **<u>રૂબરૂ રજુઆત કરવા જણાવવામાં આવેલ હતુ.</u>**

(૩) ભરતી બોર્ડ દ્વારા નિયત કરેલ સમય મર્યાદામાં મળેલ કુલ-૨૫ ઉમેદવારોની રૂબરૂ રજુઆતો પૈકી નીચે મુજબના બેઠક નંબરવાળા ઉમેદવારોની રજુઆતો ગ્રાહ્ય રાખવામાં આવે છે અને તા.૦૮.૦૯.૨૦૨૬ના રોજ જાહેર કરેલ ૩૮૫ ગેરલાયક ઉમેદવારોની યાદીમાંથી તેમને બહાર કરવામાં આવે છે.

| અ.નં. | બેઠક નંબર |
|---|---|
| 1 | 20058193 |
| 2 | 20168101 |
| 3 | 20179954 |
| 4 | 20201367 |
| 5 | 20208812 |

| અ.નં. | બેઠક નંબર |
|---|---|
| 6 | 20210814 |
| 7 | 20226328 |
| 8 | 20233302 |
| 9 | 20241091 |
| 10 | 20247006 |

(૪) ઉપરોકત બેઠક નંબરવાળા કુલ-૧૦ ઉમેદવારો પૈકી, તા.૧૪.૦૮.૨૦૨૬ના રોજ જાહેર કરેલ દસ્તાવેજ ચકાસણીના કટઓફ મુજબ જે ઉમેદવારો પ્રથમ તબક્કાની દસ્તાવેજ ચકાસણી માટે લાયક થતા હશે તેઓનો તા.૩૦.૦૯.૨૦૨૬ થી શરૂ થનાર લોકરક્ષક કેડરની દસ્તાવેજ ચકાસણીમાં સમાવેશ કરવામાં આવનાર છે અને તેના કોલલેટર તથા દસ્તાવેજ ચકાસણીની તારીખ હવે પછી જણાવવામાં આવશે.

(૫) ભરતી બોર્ડ દ્વારા નિયત કરેલ સમય મર્યાદામાં મળેલ કુલ-૨૫ ઉમેદવારોની રૂબરૂ રજુઆતો પૈકી ઉપરોક્ત બેઠક નંબર વાળા કુલ-૧૦ ઉમેદવારો સિવાય બાકી રહેતી તમામ અરજીઓ અન્વયે કરવામાં આવેલ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.